## રસ્તે ચાલતા રાહદારીઓના મોબાઈલ ફોનની ચીલઝડપ કરતા બે આરોપીને ઝડપી પાડતી મહિધરપુરા પોલીસ

સુરત શહેરના મહિધરપુરા પો.સ્ટે. વિસ્તારમાં અ પડત ગુન્હાઓ શોધવા અંગે પોલીસ માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન પો.કો. કમલેશભાઈ લીલાભાઈ તથા પો.કો. નરેન્દ્ર ચેલજીભાઈ નાઓને મળેલ બાતમી આધારે આરોપી (૧) ધર્મેશ પીતામ્બર પોલાઈ ઉ.વ.૨૯ રહે.ઘર નં.એ/૧૮૪, દેવીદર્શન સોસા., બમરોલી રોડ, પાંડેસરા, સુરત હાલ રહે.બિલ્ડીંગ નં-૩૯૬ બ્લોક નં.એ/૧૦, કોસાડ આવાસ અમરોલી, સુરત (૨) વિજય ઉર્ફે અજય મનસુખભાઈ નૈયા ઉ.વ.૨૧ રહે. બિલ્ડીંગ નં. ૩૧૯, બ્લોક નં. એ રૂમ નં.૧૭, કોસાડ આવાસ અમરોલી, સુરતનાઓને ચીલઝડપ કરેલા મોબાઈલ ફોન નંગ-૪ કિ.રૂ. ૩૨,૦૦૦/- તથા એક કાળા કલરની વગર નંબરની મો.સા. કિ.રૂ. ૬૨,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૯૪,૦૦૦/- ના મત્તાની સાથે પકડી પાડી નીચે મુજબના ગુન્હાઓ વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે. (૧) મહિધરપુરા પો.સ્ટે. । ગુ.ર.નં-૩૩/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબ (૨) કતારગામ પો.સ્ટે. । ગુ.ર.નં.૨૮/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબના ગુન્હાઓ ડીટેકટ કરવામાં આવેલ છે.